Rediffusion/Edelman

| Published Date: | 15 Dec 2017 | Publication: | Yugprabhav |
|---|---|---|---|
| Edition: | Vadodara | Page No: | - |

# નવરચના ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ની રનર્સ-અપ




વડોદરા,તા. ૧૩ :

સુજ્ય નિગમ અને સચીન અગ્રવાલ ની નવરચના સ્કુલ સામા, વડોદરાની ટીમ ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ની રનર્સ-અપ રહી હતી. જે ભારતમાં ઈન્ટર સ્કુલની સૌથી મોટી આઈટી ક્વિઝ છે. તેમણે સિલ્વર મેડલ, રૂ. ૧૦૦,૦૦૦ નું ઈ-વોલેટ અને રનર્સ અપ ની ટ્રોફી સ્કુલ માટે જીતી હતી.

ડિપીએસ નોઈડાની ટીમ જે દિલ્હી રીજન નું પ્રતિનિધિત્વ કરતી હતી તે વિજેતા ટ્રોફી લઈ ગઈ હતી જેની સાથે તેમને ગોલ્ડ મેડલ તથા રૂ. ૧૫૦,૦૦૦નું ઈ વોલેટ મેળવ્યુ હતું. રાષ્ટ્રીય ફાઈનલ્સ મજબુત સ્પર્ધાનું સાક્ષી બન્યુ હતું જેમાં હરીફાઈ આપનારા ૬ ઉત્કૃષ્ટ સ્પર્ધકો હતા જેઓ ૨ સેમી ફાઈનલ્સ અને ભારતભરના ૧૨ શહેરોમાંથી પસંદ કરવામાં આવ્યા હતાં જેઓ એ વિજેતા માટે સ્પર્ધા કરી હતી. ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૭ ની રાષ્ટ્રીય ફાઈનલ્સ મુંબઈમાં ડિસેમ્બર ૧૦, ૨૦૧૭ ના રોજ તાજ લેન્ડ્સ એન્ડ ખાતે યોજાઈ હતી જેનું આયોજન ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ), જે અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટીંગ અને બીઝનેશ સોલ્યુશન્સ ધરાવતી કંપની છે તેના દ્વારા કરવામાં આવ્યું હતું આ વર્ષે સ્પર્ધામાં, ૧૨૧૩ સ્કલુના ૧૩,૦૦૦ થી વધુ ૮-૧૨ ધોરણના વિદ્યાર્થીઓ રીજનલ લેવલે ભાગ લીધો હતો.

ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ રીજનલ એડીશન્સ આ વર્ષે ઓગષ્ટ નવેમ્બર દરમ્યાન ભારતના ૧૨ સ્થળોએ યોજાઈ હતી જેમાં અમદાવાદ, બેંગ્લુરુ, ભુવનેસ્નર, ચેન્નાઈ, દિલ્હી, હૈદ્રાબાદ, ઈન્દોર, કોચી, કોલકત્તા, મુંબઈ, નાગપુર, અને પુને નો સમાવેશ થાય છે. આ ૧૨ ટીમો એ તેમનો રસ્તો બે રાઉન્ડ ના સેમી-ફાઈનલ્સ જેમાં દરેકમાં ૬ ટીમો વચ્ચે સ્પર્ધા કરીને નેશનલ ફાઈનલ્સમાં પહોંચ્યા હતાં નીચે દર્શાવેલ ૬ ટીમો એ નેશનલ ફાઈનલ્સમાં સ્થાન બનાવ્યું હતું. નવરચના સ્કુલના સુજય નિગમ્ અને સચીન અગ્રવાલે પહેલા ની વિજેતા ટીમ(ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ) ડિપીએસ, નોઈડા ને સુંદર સ્પર્ધા આપી હતી અને રનર્સ-અપનું સ્થાન મેળવ્યું હતું. તેમને તેમના ઈનામો રાજેશ ગોપીનાથન, સીઈઓ એન્ડ એમડી, ટીસીએસ તરફથી મેળવ્યા હતા. ટીમને સીઈઓ સાથે વાર્તા કરવાની પણ તક મળી હતી.